પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૭૦ | ૧૨ ડિસેમ્બર, ૨૦૨૨, સોમવાર; માગશર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

ફિર સે એકબાર, ભાજપ સરકાર

આજે મુખ્યમંત્રી સહિત નવા મંત્રીઓ શપથ ગ્રહણ કરશે : ૨૦ થી વધુ મંત્રીઓ શપથ લે એવી શક્યતા છે : આ સમારોહમાં વડાપ્રધાન મોદી અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ સહિત રાષ્ટ્રિય નેતાઓ હાજરી આપશે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે નવી સરકારની શપથવિધિની તડામાર તૈયારી ચાલી રહી છે. આવતીકાલે એટલેકે, ૧૨ ડિસેમ્બર ૨૦૨૨ ને સોમવારના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે બીજીવાર ભૂપેન્દ્ર પટેલ શપથ લેશે. આ સમારોહમાં પ્રધાનમંત્રી મોદી અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ સહિત રાષ્ટ્રિય નેતાઓ હાજરી આપશે. આ કાર્યક્રમમાં હાજરી આપવા માટેઁ સ મોદી આજે રાત્રે જ ગુજરાત આવશે. પ્રધાનમંત્રી મોદી આજે રાત્રે ૧૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર પહોંચશે. અને નિર્ધારિત કાર્યક્રમ અંતર્ગત પીએમ મોદી ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે રાત્રિ રોકાણ કરશે.

ઉલ્લેખનીય છેકે, ગુજરાતની નવી સરકારના શપથ ગ્રહણ સમારોહમાં આવતી કાલે ગુજરાતના મુખ્યમંત્રી સહિત નવા મંત્રીઓ પણ શપથ ગ્રહણ કરશે. મોડી રાત સુધી પીએમ મોદી, અમિત શાહ અને ભાજપના મોવડી મંડળે ગુજરાતના નવા મંત્રી મંડળ અંગે ચર્ચા વિચારણા કરી હતી. આવતીકાલે ૨૦ થી વધુ મંત્રીઓ શપથ લે એવી શક્યતા છે. ગઈ કાલે મોડી રાત્રે મંત્રીમંડળ ના

● અનુસંધાન પાન-૭ પર

મોદીએ નાગપુર-બિલાસપુર વંદેભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી આપી

નરેન્દ્ર મોદીએ નાગપુરમાં અનેક વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રને આપી ૭૫ હજાર કરોડની ભેટ : ફ્રીડમ પાર્કથી ખપરી સુધી મુસાફરી પણ કરી

નાગપુર, તા.૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે નાગપુરમાં અનેક વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું. સૌથી પહેલા તેમણે નાગપુર રેલવે સ્ટેશનથી નાગપુર-બિલાસપુર વંદેભારત એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી દેખાડી. ત્યારબાદ પીએમ મોદીએ નાગપુર મેટ્રો રેલ પ્રોજેક્ટનું પણ ઉદ્ઘાટન કર્યું. તેમણે ફ્રીડમ પાર્કથી ખપરી સુધી મુસાફરી પણ કરી. તેમણે નાગપુર મેટ્રો ફેઝ-૨ની આધારશીલા પણ મૂકી. પીએમ મોદીએ સમૃદ્ધિ મહામાર્ગનું પણ ઉદ્ઘાટન કર્યું.

વિભિન્ન વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યા બાદ પીએમ મોદીએ કહ્યું કે આજે મહારાષ્ટ્ર માટે ખાસ દિવસ છે. નાગપુરથી એવા વિકાસ કાર્યોની શરૂઆત થઈ રહી છે જે લોકોના જીવનમાં ફેરફાર લાવશે. આજે જે પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન થયું છે તે મહારાષ્ટ્રના વિકાસને નવી દિશા આપશે. આ પ્રોજેક્ટ્સ રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સમગ્ર દ્રષ્ટિ પ્રદાન કરે છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે આ એ વાતનો પુરાવો છે કે મહારાષ્ટ્ર અને કેન્દ્રમાં ડબલ એન્જિનની સરકાર કેટલી ઝડપથી કામ કરી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આઝાદીના ૭૫ વર્ષના અમૃત મહોત્સવમાં ૭૫,૦૦૦ કરોડ રૂપિયાના આ વિકાસ કાર્યો માટે હું મહારાષ્ટ્ર અને અહીંની જનતાને શુભેચ્છાઓ પાઠવું છું. પીએમ મોદીએ નાગપુરમાં સમૃદ્ધિ મહામાર્ગનું એટલે કે નાગપુર-મુંબઈ સુપર કમ્યુનિકેશન એક્સપ્રેસ પ્રોજેક્ટના પહેલા તબક્કાનું ઉદ્ઘાટન કર્યું. ૫૨૦ કિલોમીટરવાળો આ રોડ નાગપુરને શિરડીથી જોડશે. મહારાષ્ટ્રના નાગપુરમાં હજારો કરોડના પ્રોજેક્ટના ઉદ્ઘાટન બાદ પીએમ મોદી ગોવા પહોંચ્યા હતા. અહીં તેઓ વિશ્વ આયુર્વેદ કોંગ્રેસના સમાપન સમારોહને સંબોધન કર્યું હતું. આ સાથે જ ૩ રાષ્ટ્રીય આયુષ સંસ્થાનોનું પણ ઉદ્ઘાટન કર્યું હતું તથા પીએમ મોદી ગોવામાં મોપા ઈન્ટરનેશનલ એરપોર્ટનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

વડાપ્રધાન મોદી દ્વારા ૩ આયુષ હોસ્પિટલનું ઉદ્ઘાટન

"યોગ અને આયુર્વેદ સમગ્ર માનવતા માટે નવી આશા" : પીએમ મોદીએ કહ્યું, મને ખાતરી છે કે આ ત્રણ સંસ્થાઓ આયુષ સ્વાસ્થ્ય સંભાળ સિસ્ટમને નવી ગતિ આપશે

ગોવા, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું હતું કે યોગ અને આયુર્વેદ જે પહેલા ઉપેક્ષિત માનવામાં આવતા હતા તે આજે સમગ્ર માનવતા માટે નવી આશા બની ગયા છે.

આ સાથે તેમણે કહ્યું કે આખું વિશ્વ હવે આરોગ્ય અને સુખાકારીના વૈશ્વિક તહેવાર તરીકે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરે છે. પીએમ મોદી ગોવાના ધારગલમાં અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાનના ઉદ્ઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગોવાથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ગાઝિયાબાદમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ યુનાની મેડિસિન અને નવી દિલ્હીમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હોમિયોપેથીનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું, 'મને ખાતરી છે કે આ ત્રણ સંસ્થાઓ આયુષ સ્વાસ્થ્ય સંભાળ સિસ્ટમને નવી ગતિ આપશે. આયુર્વેદ એક એવું જ્ઞાન છે જેનો ઉદ્દેશ્ય છે સર્વ ભવન્તુ સુખિનઃ સર્વે સંતુ નિરામયઃ આનો અર્થ છે દરેકનું સુખ અને દરેકનું સ્વાસ્થ્ય.'

તેમણે કહ્યું, 'આયુર્વેદ સારવારથી આગળ વધે છે અને સુખાકારી વિશે વાત કરે છે અને સુખાકારીને પ્રોત્સાહન આપે છે. વિશ્વ પણ હવે તમામ ફેરફારો અને વલણોમાંથી બહાર આવી રહ્યું છે.

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિન્દર સિંહ સુખુ બન્યા

રાજ્યપાલે પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યારિજ મેદાનમાં રાહુલ ગાંધી સહિત પાર્ટી મહાસચિવ પ્રિયંકા ગાંધીની હાજરીમાં તેમણે સીએમ પદના શપથ લીધા

શિમલા, તા.૧૧

સુખવિન્દર સિંહ સુખુ હિમાચલ પ્રદેશના નવા મુખ્યમંત્રી

બન્યા છે. શિમલામાં રિજ મેદાનમાં રાહુલ ગાંધી સહિત પાર્ટી મહાસચિવ પ્રિયંકા ગાંધીની હાજરીમાં તેમણે રવિવારે સીએમ પદના શપથ લીધા. કાર્યક્રમમાં કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત પણ હાજર રહ્યા.

સુખવિન્દર સિંહ સુખુએ આજે હિમાચલ પ્રદેશા ૧૫માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. જ્યારે મુકેશ અગ્નિહોત્રીએ ડેપ્યુટી સીએમ પદના શપથ લીધા. શપથગ્રહણ સમારોહમાં મલ્લિકાર્જૂન ખડગે, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, અશોક ગેહલોત, સચિન પાઈલટ, ભૂપેશ બઘેલ, ભૂપેન્દ્રસિંહ હુડ્ડા, રાજીવ શુક્લા, પ્રતિભા સિંહ સહિત અનેક વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા.

શપથ લેતા પહેલા હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિન્દર સિંહ સુખુએ પ્રદેશ અધ્યક્ષ પ્રતિભા સિંહના ઘરે જઈને તેમની મુલાકાત કરી હતી. પ્રતિભા સિંહ સાથે મુલાકાત બાદ તેમણે કહ્યું હતું કે પ્રતિભા સિંહ રાજ્યમાં પાર્ટીના મુખિયા છે. તમામ તેમના માર્ગદર્શન હેઠળ કામ કરે છે. આથી તેઓ તેમને શપથ ગ્રહણ સમારોહમાં આમંત્રણ આપવા માટે આવ્યા હતા. પ્રતિભા સિંહે પણ કહ્યું કે સુખુના શપથગ્રહણ સમારોહમાં તેઓ જરૂર સામેલ થશે. સુખવિન્દર સિંહ સુખુ હિમાચલ પ્રદેશના કોંગ્રેસ કેમ્પેઈન કમિટીના પ્રમુખ છે.

પીએમ મોદીએ સુખવિંદર સિંહને આપી શુભેચ્છા

શિમલા, તા.૧૧

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી પદના શપથ લેવા પર સુખવિંદર સિંહ સુક્ખુને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરી શુભેચ્છા આપી છે.

ચીનમા કોરોનાના કેસો વધવા લાગ્યા

વુહાન, તા.૧૧

ચીનમાં કોરોના વાયરસનું સંકટ ફરી ગાઢ બનવા લાગ્યું છે. કોવિડ-૧૯ની નવી નીતિ સામે ચીનમાં વિરોધ પ્રદર્શનો થયા હતા, ત્યારબાદ મોટાભાગની જગ્યાએ કડક કોવિડ નિયંત્રણો હટાવી લેવામાં આવ્યા હતા, પરંતુ ત્યારબાદ કેસ વધતાં હોસ્પિટલો અને સઘન સંભાળ એકમોમાં સિસ્ટમ સુધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો. આ વ્યવસ્થા એન્ટી-વાયરસ પ્રતિબંધો પાછી ખેંચી લીધા પછી આવી છે જેણે લોકોને ઘરની અંદર રહેવાની ફરજ પાડી હતી અને આર્થિક વૃદ્ધિ ધીમી કરી હતી

દિલ્હી દારૂ કૌભાંડની તપાસ માટે ટીમ હૈદરાબાદ પહોંચી

CBIએ CM KCRની પુત્રીની પૂછપરછ કરી

નવી દિલ્હી, તા.૧૧

CBI દિલ્હીમાં કથિત દારૂ નીતિ કૌભાંડના સંબંધમાં ્ઈજી (હવે BRS) નેતા કવિતાની પૂછપરછ કરી રહી છે. સીબીઆઈના અધિકારીઓ હૈદરાબાદ પહોંચ્યા છે, જ્યાં તેમની પૂછપરછ કરવામાં આવશે. મ્ઈજી (TRS) નેતા અને MLC કવિતા કલવકુંતલા પણ તેલંગાણાના સીએમ કેસીઆરની પુત્રી છે. આજે સવારે સીબીઆઈના અધિકારીઓ બે વાહનોમાં હૈદરાબાદમાં કવિતા કલવકુંતલાના ઘરે પહોંચ્યા હતા. મળતી માહિતી મુજબ હજુ પણ પૂછપરછ ચાલી રહી છે.ઝૈંના અધિકારીઓ આવે તે પહેલા કવિતાના વકીલ પણ તેના ઘરે પહોંચી ગયા છે.

CBI અધિકારીઓએ તેમને પત્ર લખીને પૂછપરછ માટે સમય માંગ્યો હતો. સીબીઆઈએ દિલ્હીમાં કહેવાતા દારૂના કૌભાંડના સંબંધમાં કસ્ટડીમાં કેટલાય લોકોની પૂછપરછ કરી છે. કવિતા પહેલા જ આરોપ લગાવી ચૂકી છે કે આ બધું રાજકીય બદલો લેવા માટે કરવામાં આવી રહ્યું છે. દરેક રાજ્યમાં ચૂંટણી દરમિયાન સીબીઆઈ અને ઈડી મોદીજીના આગમનના એક વર્ષ પહેલા પહોંચી જાય છે.

CBI એ ગયા અઠવાડિયે કવિતાને જાણ કરી હતી કે તપાસ

● અનુસંધાન પાન-૭ પર

અટળક અભિનંદન

શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ
(ધારાસભ્યશ્રી, ગાંધીનગર ઉત્તર)

આપના ઝળહળતા વિજયને ઉમળકાભેર વધાવીએ છીએ...
શહેરની સાંસ્કૃતિક અને કલાની પ્રવૃત્તિઓને
આપનું પ્રોત્સાહન રહેશે એવી અભિલાષા એવમ્ શ્રદ્ધા છે.
આપની રાજકીય કારકિર્દીમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી
શુભકામનાઓ સહ અટળક અભિનંદન પાઠવીએ છીએ...

ભાવિન પટેલ
પનઘટ કલા કેન્દ્ર, ગાંધીનગર